સશિપ/ફેબ્રુ.૦૪/૨૧૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.
૨. રાજનીતિનું દૃષ્ટાંત-સિદ્ધાંત સમજાવો.
૩. મૃતિકા અને સુવર્ણના વાસણનું દૃષ્ટાંત અને સિદ્ધાંત સમજાવો.
૪. મોટાપુરુષની બાંધેલી જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.
૫. નિર્બળતા ટાળવાનો ઉપાય.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. જ્યારે એ જીવને ................. ખોખા જેવું થઈ જાય છે.
૨. વૈરાગ્યહીન હોય તે તો ................. કૃપાએ કરીને ટળે.
૩. જે તેજને વિશે મૂર્તિ ................. પરમ કલ્યાણ થશે.
૪. જેમ રાજા હોય ને ................. સાધુનો પણ પ્રતાપ છે.
૫. ચાર વેદ પુરાણ ................. એ જ પરમ કલ્યાણ છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) નિષ્કામ ધર્મ (૨) ભગવાનની પ્રસન્નતાનો ઉપાય

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ?
૨. મનુષ્યભાવ આવવાનાં ચાર કારણો કયાં છે ?
૩. વર્તમાન પળાવીને કલ્યાણ કરવાનો શો હેતુ છે ?
૪. આ જીવ શાને કરીને સોરાઈ જાય છે ?





૫. મોટાની સમજણ કેવી હોય ?
૬. વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૪

૧. કારણ શરીર ટાળવા માટે શ્રીજીમહારાજ સાધુ અને ............................ સાથે લાવ્યા. (શાસ્ત્ર, નિયમ, બ્રહ્મચર્યવ્રત)
૨. રૂડા ગુણ ..................... કરીને નાશ થઈ જાય છે. (પક્ષપાતે, કુસંગે, દેહાભિમાને)
૩. આ સાધુને વિશે ................................ તેથી બીજુ કાંઈ ભૂંડું નથી. (વેણ ઉપર વેણ લાવે, મનુષ્યભાવ આવે, આજ્ઞા ન પળાય)
૪. 'આ માર્ગે ચાલીએ છીએ ત્યારે ભગવાન સાંભરી આવે છે' આવું ગુણાતીતાનંદ સ્વામી ............................... જતાં બોલ્યા. (વરતાલ, વણથળી, વડોદરા)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. સરળ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંત સમજાવવાની ગુણાતીતાનંદ સ્વામીની કુશળતા.
૨. વર્તમાનકાળે શ્રીહરિનો રાજીપો.
૩. ગંગાના ધરાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. નીલકંઠની કલ્યાણભાવના
૨. નિષ્કામધર્મના આગ્રહી નીલકંઠ
૩. શ્રીહરિએ પ્રવર્તાવેલ સમાધિપ્રકરણ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો** ૨૦

૧. મુક્તાનંદ સ્વામીનું આંતરપરિવર્તન
૨. ઘનશ્યામ અને સુવાસિનીભાભીનો સ્નેહસંબંધ
૩. મગનીરામમાંથી અદ્વૈતાનંદ
૪. કાશીની સભામાં ઘનશ્યામનો દિગ્વિજય.